ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૭૯ ટકા

ગાંધીનગર તાપમાન

તેલમાં ભાવ વધારો તહેવાર બગાડશે

સિંગતેલના ભાવ સિંગતેલનો ૧૫ કિલોનો ડબ્બો રૂ.૨૯૭૦ની આસપાસ પહોંચ્યો છે

ગાંધીનગર, તા.૧૩

આગામી દિવસોમાં શ્રાવણ માસ અને જન્માષ્ટમી સહિતના તહેવારોમાં આવી રહ્યા છે. એ પહેલા જ તેલનો ભાવ વધી ગયો છે. જોકે આ તહેવાર આવવાના કારણે મહિલાઓને ખૂબ માઠું પડશે તેની સાથે ફરસાણના વેપારીઓની પણ કમર તૂટવાની છે. તહેવાર આવતા તેલના ભાવ વધે છે અને વચેટિયાઓ ફાવી જાય છે. સામાન્ય લોકોના જન જીવન પર ભારે અસર જોવા મળશે.

ખાદ્યતેલ સહિત અનેક વસ્તુઓમાં સત્તત વધારો થઈ રહ્યો છે.જેમાં હાલ સિંગતેલનો ૧૫ કિલોનો ડબ્બો રૂ.૨૯૭૦ની આસપાસ પહોંચ્યો છે. જે ભાવ અગાઉ ૨૯૩૦ની આસપાસ હતો. ત્યારે છેલ્લા એક અઠવાડિયામાં રૂપિયા ૫૦ની આસપાસ સીંગતેલના ભાવ વધ્યા છે.

સીંગતેલના ભાવ વધતા અન્ય તેલના ભાવ પણ વધ્યા છે. જ્યારે ખાદ્યતેલના વેપારીઓ એવું માની રહ્યા છે કે જેમ જેમ તહેવારો નજીક આવશે તેમ તેમજ આ ભવમાં વધારો થવાની શક્યતાઓ છે.

છેલ્લા એક અઠવડિયાથી સીંગતેલના ભાવ ઊંચકાયા છે. જ્યારે સીંગતેલની બજારમાં માંગ વધી છે. હાલ ચોમાસું હોય

મગફળી પણ પિલાણમાં ઓછી આવી રહી છે. જેના કારણે આ ભાવ વધારો થયો હોવાનું લાગી રહ્યું છે. તેમજ દર વર્ષે તહેવાર દરમિયાન આ પ્રકારના ભાવ વધારા ખાદ્યતેલના જોવા મળ્યા હોય છે. સીંગતેલ સાથે કપાસિયા તેલના ભાવમાં પણ વધારો થયો છે. હાલ કપાસિયા તેલનો ૧૫ કિલોનો ડબ્બો ૧૭૨૦ની આસપાસ પહોંચ્યો છે. એવામાં મુખ્ય તેલના ભાવ વધતા અન્ય તેલના ભાવ પણ ઉકચાયા છે. એવામાં હજુ પણ આ ભાવ વધે તેવી પણ પુરે પૂરી શક્યતાઓ છેઃકનુભાઈ મોદી,વેપારી

વેપારીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે જીવન જરૂરી વસ્તુઓમાં સત્તત વધારો બીજી તરફ હાલ ચોમાસુ છે. એવામાં શાકભાજીના ભાવ પણ બમણા થયા છે. જેમાં ટામેટા અને મરચાના ભાવમાં ખુબજ ઉછાળો જોવા મળ્યો છે.

તાજેતરમાં જ ગેસ સિલીન્ડરના ભાવમાં વધારો થયો છે. ત્યારે હવે ખાદ્યતેલના ભાવમાં વધારો થયા મધ્યમ વર્ગના પરિવારના લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. જ્યારે ખાદ્યતેલના વેપારીઓ અનુસાર આગામી દિવસોમાં હજુ પણ સીંગતેલના ભાવમાં વધારો થશે અને ૧૫ કિલોનો ડબ્બો અંદાજિત રૂપિયા ૩ હજાર કિલોની આસપાસ પહોંચવાની પણ પુરેપૂરી શક્યતાઓ છે.

પંચદેવ મંદિરમાં દરરોજ સુંદર મજાના હિંડોળો યોજાઈ રહ્યા છે જેમાં ગતરોજ કમળ ના ફૂલોના હિંડોળા યોજાયા હતા. ખૂબ આકર્ષક અને સુંદર શણગારથી સજાવેલા ભગવાનની જલક નિહાળવા માટે શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યાં હતાં.

સેકટર-૭ ખાતે ધારાસભ્ય દ્વારા વૃક્ષારોપણ

ગાંધીનગર લોકસભા સાંસદ અને ગૃહ મંત્રી અમિતભાઈ શાહ ની પ્રેરણા ગાંધીનગર લોકસભા-હરિયાળી લોકસભાના અભિયાન અંતર્ગત ગાંધીનગર મહાનગર વોર્ડ ૧૦ના સેકટર-૭ ખાતે ધારાસભ્ય રીટાબેન પટેલ, કોર્પોરેટર મહેન્દ્રભાઈ પટેલ (દાસ), પોપટસિંહ ગોહિલ, વોર્ડ પ્રમુખ મનીષ પટેલ, મહામંત્રી જૈમિન વૈદ્ય, રાજભા વાઘેલા તથા સૌ કાર્યકર્તા અને રહીશોની ઉપસ્થિતિમાં વોર્ડમાં ૧૦,૦૦૦ થી વધુ વૃક્ષની વાવણી કરવાના સંકલ્પ સાથે " વૃક્ષારોપણ" કાર્યક્રમ કરવામાં આવ્યું હતું.

બીબીએ કોલેજના NSS યુનિટ દ્વારા પેથાપુર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ આયોજિત

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા ઉમા ઈંડસ્ટ્રીઝ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજન માટે ઉમા ઈંડસ્ટ્રીઝ તરફથી અશોકભાઈ ડાંગી, રતિલાલ ચૌહાણ, જયદીપસિંહ વાઘેલા અને ગોવિંદભાઈ પટેલનો સહયોગ પ્રાપ્ત થયો હતો. બીબીએ કોલેજના આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓને વૃક્ષારોપણ કાર્ય માટે પ્રેરિત કર્યા હતા.કોલેજના ઉપાચાર્ય ડો. જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને વૃક્ષારોપણ ની જરૂરિયાત સમજાવી હતી.દ્રજીજી પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ અને ૯ વોલીયંટર્સની ટિમ દ્વારા સંપૂર્ણ વૃક્ષારોપણ કાર્યક્રમનું અમલીકરણ કરવામાં આવ્યું હતું.વોલીયંટર્સને વૃક્ષારોપણ નું મહત્વ તેમજ આ બાબતે જનજાગૃતિ માટે કાર્ય કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ વર્ષે સંસ્થા દ્વારા કુલ ૧૪૦ જેટલા નવા વૃક્ષ નું સર્જન થાય તે માટે મહાત્મા ગાંધી વિદ્યાલય, ઉમા ઈન્ડસ્ટ્રી-પેથાપુર તેમજ રાંધેજા ખાતે છોડનું રોપણ કરવામાં આવ્યું હતું. અને આગામી દિવસોમાં વધારે આવા કાર્યક્રમો કરવાની તૈયારી દર્શાવી હતી.જે માટે વિદ્યાર્થીઓ ઉત્સાહભેર તૈયારી બતાવી હતી. વર્ષપર્યંત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રવૃતિઓ થાય છે. સમગ્ર પ્રવૃતિમાં ચંદ્રપાલ ચૌહાણ, માલાણી અર્પિત, ગૌતમ જલોંધરા, જોશી બ્રિજેશ, કડીવાર સાકીબ, સોની અમીષા, શ્રેયા પ્રજાપતિ, નીલ પટેલ, કિંજલ વાઘેલા સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો.રમાકાંત પુષ્ટિના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના તેમજ કોલેજ પરિવાર દ્વારા યોજવામાં આવ્યો હતો.

ઉવારસદ આરોગ્ય કેન્દ્રના સમાવિષ્ઠ અડાલજ ખાતે સગર્ભા બહેનોને ભોજન

ગાંધીનગર, તા.૧૩

અડાલજ પરચા ધામ ખાતે સગર્ભા સંમેલનમાં મહંત બાબુજી અને તાલુકા બક્ષીપંચ મોરચા પ્રમુખ તથા અડાલજ જન આરોગ્ય સમિતિના યુવા પ્રતિનિધિ મફતભાઈ ઠાકોર તરફથી ૧૨૫ સગર્ભા અને આરોગ્ય સ્ટાફ અને આંગણવાડી બહેનોને ભોજન કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉવારસદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર

ડો.સરોજિની ચૌધરી અને આરોગ્ય સ્ટાફ દ્વારા આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું વધુમાં આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અડાલજ ગ્રામ પંચાયતના સરપંચ બિનિતાબેન પટેલ, વોર્ડના સભ્ય દક્ષાબેન મકવાણા હાજર રહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પહેલ પર વર્ષ ૨૦૨૩ને "આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ" તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ગાંધીનગર પાલિકા દ્વારા આંગણવાડીની બહેનો દ્વારા બનાવેલી વાનગી સ્પર્ધાનું સે-૩ની આંગણવાડી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ગાંધીનગર મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી વિજેતા બહેનોને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા તેમજ સ્વસ્થ્ય જીવનશૈલી માટે ભોજનમાં મિલેટ્સને સામેલ કરવા અપીલ કરી હતી.

જન્મદિને વધામણી

શૈલેન્દ્ર ઠાકોર
મો. ૯૯૨૪૭ ૮૩૩૪૨

જે એન પરીખ
મો. ૯૪૦૯૫ ૩૩૩૧૩

જનકસિંહ આર બિહોલા
મો. ૯૨૬૫૬ ૯૨૮૧૯

દરજી વેદકુમાર સચિનભાઈ
મો. ૯૮૨૪૬ ૯૧૬૨૬

કલ્પેશ ઈશ્વરભાઈ નાયી
મો. ૯૭૩૭૮ ૮૧૭૭૪

નીતિન બી પ્રજાપતિ

જગદીશ ઠાકોર

હેતાર્થ જોશી

વત્સલ મેહુલ પટેલ
મો. ૮૪૦૧૦ ૦૬૪૬૭

કીથ ભાવેશ કાપડિયા
મો. ૯૮૯૮૪ ૮૫૮૬૭

બ્રહ્મસમાજ પેથાપુર શાખા દ્વારા ૧૬મીએ સરસ્વતી વંદના કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૩

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, પેથાપુર શાખામાં આગામી તા. ૧૬મી જુલાઈ, રવિવારના રોજ સવારે ૯ થી બપોરે ૧ દરમિયાન શ્રી અચલેશ્વર મહાદેવ મંદિર (શિવધામ) ખાતે શ્રી સરસ્વતી વંદના, વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પેથાપુર ખાતે રહેતા તમામ ભૂદેવોને સમસ્ત બ્રહ્મસમાજ પેથાપુર શાખા દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગંભીર અકસ્માતમાં ઘાયલ છતાં ધો.૧૨ સાયન્સની પૂરક પરીક્ષા આપી

ગાંધીનગર, તા.૧૩

સહજાનંદ સ્કુલ ઓફ એચિવર, સરગાસણ ગાંધીનગર ખાતે તા.૧૨ જુલાઈના રોજ ધો.૧૨ સાયન્સ ફીઝીકસની પુરક પરીક્ષાનું કેન્દ્ર હોવાથી વિદ્યાર્થીની બારોટ ધ્રુવી ઋતુકુમાર બેઠક નં.બી૪૧૩૮૧૧ જેને ગંભીર અકસ્માત નડ્યો હોવાથી ગંભીર રીતે ઘાયલ અને બેડ રેસ્ટ હતો પરંતુ પરીક્ષા કેન્દ્રમાં તપાસ કરતાં વિદ્યાર્થીનીને સંપૂર્ણ વ્યવસ્થા કરવાની બાંહેધરી આપી ઉત્સાહ વધારાયેલ હતો. વિદ્યાર્થીનીને બંને હાથમાં, બંને પગમાં અને બેસી શકાય નહીં તેવી

ગંભીર ઈજાઓ હોવા છતાં બોર્ડની પરીક્ષા આપી તે માનસિક, શારીરિક તણાવ ના અનુભાવી જીવનમાં આગળ વધે તે માટે વિદ્યાર્થીનીને પ્રોત્સાહન પુરુ પાડે તેવું કાર્ય કર્યું હતું.

વિહોતર વિકાસ મંચના પ્રદેશ મીડિયા સેલમાં નિમણૂક કરાઈ

વિહોતર વિકાસ મંચના પ્રદેશ મીડિયા સેલના કન્વીનર



તરીકે અમૃતભાઈ લીલાભાઈ દેસાઈ ની નિમણૂક કરવામાં આવી હતી. સામાજિક અને સેવાકીય પ્રવૃતિ સાથે સંકળાયેલા અમૃતભાઈ લીલાભાઈ દેસાઈ દેહગામ ખાતે રહે છે. તેમની સેવાકીય લાગણી અને પરામર્શને લઈને વિહોતર વિકાસ મંચના પ્રદેશ પ્રમુખ અજય દેસાઈ દ્વારા પ્રદેશ મીડિયા સેલના કન્વીનર તરીકે નિમણૂક કરવામાં આવતા સમાજના લોકોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા. અમૃત દેસાઈ દહેગામ ખાતે પત્રકારત્વ ક્ષેત્રે ઉમદા કામગીરી બજાવી રહ્યા છે.

વડીલોની વંદના કરવા સર્વ વિદ્યાલયના યુવાનો શ્રવણ બન્યા

સર્વ વિદ્યાલયના સર્વ નેતૃત્વના યુવાનો દ્વારા વડીલો માટે એક દિવસીય પ્રવાસનું આયોજન કરાયું

કડી વિશ્વવિદ્યાલય સંલગ્ન સર્વ નેતૃત્વ ટીમ દ્વારા સમયઅનંતરે સમાજ ઉથ્થાંન અને લોકકલ્યાણના કર્યો કરવામાં આવતા હોય છે જેના ભાગ રૂપે વૃદ્ધાશ્રમના વડીલોની વંદના અને આનંદ કરાવવા હેતુથી રવિવારના રોજ એક દિવસીય યાત્રાનું આયોજન કરવામાં આવ્યું જેમાં ગાંધીનગરના કૈલાશધામ વૃદ્ધાશ્ર અને રાહેલબા વૃદ્ધાશ્રમના વડીલોને સ્ટેચ્યુ ઓફ યુનિટી, હરસિદ્ધ માતાનું મંદિર અને પોઇચા ખાતે હર્ષ અને આનંદનો પ્રવાસ કરાયો હતો. સમગ્ર યાત્રાનું આયોજન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ સાહેબની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ યોજાયો હતો જેમાં વડીલોની યોગ્ય સંભાળ, સુરક્ષા અને તકેદારી સાથે પ્રવાસનું આયોજન માટેની વ્યવસ્થા ગોઠવવામાં યુવાનોને સૂચન કર્યું હતું.

યાત્રાનો પ્રારંભ સર્વ વિદ્યાલય કેમ્પસમાં પોતાની નૈતિક ફરજ બજાવતા સિક્યુરિટી ગાર્ડના જવાનો દ્વારા કરવામાં આવ્યું હતું વડીલોને આનંદમય વાતાવરણ મળી રહે તે હેતુથી સમગ્ર બસને યુવાનો દ્વારા સુશોભિત કરવામાં આવી હતી. યાત્રા દરમિયાન સવારે ચા નાસ્ત, બપોરનું અને સાંજના ભોજન સુધીની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી.

સમગ્ર દિવસ દરમિયાન સર્વ નેતૃત્વના તાલીમાર્થીઓ દ્વારા ખૂબ જીવણટપૂર્વકની અને કાળજીપૂર્વકની કામગીરી કરી હતી વડીલોને સમયસર દવા આપવાનનું પણ ભૂલ્યા ન હતા. યુવાનોના સમર્પિત સેવાભાવ જોઈને વડીલો ખૂબ જ પ્રસન્ન થયા હતા સાથે ત્યાં ઉપસ્થિત ટુરિસ્ટોએ પણ ખોબલે ખોબલે આશીર્વાદ વરસાવ્યા હતા.

વડીલો માટેના એક દિવસીય પ્રવાસનું સફળ સંચાલન અને આયોજન સર્વને નેતૃત્વ ટીમના સંયોજક ડો. ધર્મેન્દ્ર પટેલ, રાહુલભાઈ સુખડીયા અને સુરજભાઈ મુંજાણી દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ કોલેજના યુવાનો જેમકે કુલદીપ પંડ્યા, રોમિત પટેલ, વિજય રાજપૂત, રઈશ મન્સૂરી, ધારા સોંગેલા, વિધિબા રાઠોડ, તન્મય પટેલ, વૈદેહી સુથાર, ક્રિષ્ના ઉમરણીયા, ક્રિષ્ના મોઢવાડિયા દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ગાઈડ તરીકે પ્રકાશભાઈ અને મિતલબેન દ્વારા સેવા આપવામાં આવી હતી.

વડીલોના પ્રતિભાવ

મને બહુ આનંદ આવ્યો ...આનંદ... આનંદ.. અને આનંદ. હું અગાઉ ભારતમાં અનેક જગ્યાએ ફર્યા છીએ પણ અહીંના જેવો આનંદ કોઈ દિવસ નથી આવ્યો. ભગવાન સમગ્ર ટીમને સુખી રાખે અને આનંદ કરાવે .

નંદુબા વિહોલ, ૭૩ વર્ષના વડીલ

સરદાર પટેલ સાહેબનું જીવન ચરિત્ર જોઈ અને જાણી હું ખૂબ જ પ્રભાવિત થઈ. હું એમની જેમ આગળનું જીવન મક્કમતાથી જીવીશ. આ પ્રવાસમાં ખૂબ જ સુંદર અમારા સૌ માટે વ્યવસ્થા કરી હતી અને વિવિધ પ્રવૃતિઓના માધ્યમથી ખૂબ આનંદ કર્યો. હું આપ પ્રવાસથી કહું જ ખુશ છું કે જેનો હું વર્ણન નથી કરી શકતી એટલી ખુશ છું.

કુમુદબેન રેશમવાલા - ૭૦ વર્ષના વડીલ